(M)

—— COPY ——

**THE GANDHIDHAM**
**CHAMBER OF COMMERCE & INDUSTRY**

(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com

No. GCCI / 364

તા:૦૮.૧૧.૨૦૧૭

નાયબ કાર્યકારી ઇજનેરશ્રી
માર્ગ અને મકાન વિભાગ,
પેટા કચેરી,
અંજાર – કચ્છ

વિષય: આદિપુર – મુન્દ્રા માર્ગનાં સમારકામ બાબતે

માનનિયશ્રી,

સવિનય સાથે જણાવવાનું કે અમે આપને અમારા પત્ર નં GCCI/૨૭૩ તા. ૧૮.૦૯.૨૦૧૭ દ્વારા આદિપુર – મુન્દ્રા માર્ગનાં સમારકામ બાબતે વિનંતી કરી હતી.

આજદિન સુધી તંત્ર દ્વારા સમારકામ માટે કોઇ જ પગલાં લીધેલ નથી એ પ્રતિત થાય છે. અમે આપને ફરીથી જણાવીએ છીએ કે આદિપુર – મુન્દ્રા માર્ગ ખૂબ જ બિસ્માર હાલતમાં છે. રોડ ઉપર જ્યાં ને ત્યાં ખાડાઓ પડી ગયેલ છે. જેથી વાહન ચાલકોને આ માર્ગ ઉપર અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને સફરનો સમય પણ વધારે લાગે છે. આ માર્ગ ઉપર દિન-પ્રતિદિન ટ્રાફિકમાં વધારો થઈ રહેલ છે. આ માર્ગની બિસ્માર હાલતને લીધે જીવલેણ અકસ્માતો સર્જાવાની શક્યતા વધારે રહેલી છે.

આથી અમારી આપને ફરી વિનંતી છે કે આ માર્ગનું સમારકામ તાત્કાલિક ધોરણે શરુ કરવામાં આવે અને સમારકારનો સમયબધ્ધ કાર્યક્રમ નક્કિ કરી આ સંદર્ભે અમોને માહિતગાર કરશોજી.

આપના પ્રત્યુતરની અપેક્ષા સહ...

આભાર...

આપનો વિશ્વાસુ,

મુરલીધર જગાણી
માનદ મંત્રી

નકલ રવાનાં: ૧) શ્રી રમેશભાઈ મહેશ્વરી – ધારા સભ્યશ્રી, ગાંધીધામ મતવિસ્તાર
૨) શ્રીમતી રેમ્યા મોહન, કલેક્ટરશ્રી, કચ્છ જીલ્લા
૩) શ્રી બચુભાઈ આહીર